# ડેપો સંકુલમાં રીનોવેશનનુ કામ હાથ ધરવા માટે ૫૦ લાખનો ખર્ચ કરાશે

## ડેપોના બિલ્ડીંગને રંગરોગાન, ફલોરીંગ સહીત ટોઇલેટ બ્લોકનુ રીનોવેશન પણ કરાશે : ડેપોએ દરખાસ્ત કરી

ગાંધીનગર એસ ટી ડેપોમાં રીનોવેશનનુ કામ હાથ ધરવા માટે દરખાસ્ત કરવામાં આવી છે. ડેપો સંકુલમાં કલરકામ તેમજ ફલોરીંગ અને ટોઈલેટ બ્લોકનુ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ કરાશે. એસ ટી નિગમે આ અન્વયે નિગમના સિવિલ વિભાગને દરખાસ્ત કરી છે. જેના અંતે ટુંકમાં કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવશે.

ગાંધીનગર એસ ટી ડેપોના રીનોવેશન માટે સર્વે હાથ ધરાયો છે. જયારે આ સર્વે મુજબ ડેપોએ રીપોર્ટ તૈયાર કરીને એસ ટી નિગમને મોકલી દીધો છે. ડેપો સંકુલ હાલ ખંડેર હાલતમાં છે. એકતરફ ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ અભેરાઇ ચઢાવી દેવામાં આવી છે. અમદાવાદના રાણીપ ડેપોની પેટર્ન પર ડેપોને વિકસાવવા માટે પણ આયોજન કરાયુ હતુ પરંતુ હજુ સુધી કાંઇ થયુ નથી. ડેપો સંકુલમાં મુસાફરોની સલામતીના નામે પણ મીંડુ છે. જયારે ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે પણ જગ્યા ફાળવી દેવાયા બાદ પણ સલામતીનો મુદ્દો રામભરોસે છે. જયારે ડેપો સંકુલમાં એ ટી એમ શરૂ કરવા બેંકો પણ નિરસતા સેવી રહી છે. આ સઘળી સ્થિતિ વચ્ચે મુસાફરોને સુવિધા મળતી નથી. ડેપો સંકુલમાં મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવે છે. પરંતુ પાટનગરને છાજે તેવી સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાય છે. જેના લીધે મુસાફરોને




પણ ડગલે ને પગલે દુવિધા ભોગવવાનો વારો આવ્યો છે. આ સ્થિતિ વચ્ચે ડેપોના રીનોવશન માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. ડેપોમાં આ અન્વયે અભ્યાસ પણ કરાયો હતો ડેપો સંકુલમાં ફલોરીંગ , ટાઈલ્સ તેમજ ટોઈલેટ બ્લોકના રીનોવેશનનુ કામ હાથ ધરવા માટે એસ ટી નિગમે સિવિલ વિભાગને દરખાસ્ત કરી છે. આગામી દિવસોમાં દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ ડેપો સંકુલમાં રીનોવેશનનુ કામ હાથ ધરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૫૦ લાખનો ખર્ચ કરાશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



પેટ્રોલના ભાવ વધારાને અમે ન રોકી શકીએ... એ વિભાગ સ્વતંત્ર છે.

# ઢોર અંકુશ વિભાગના કર્મચારીઓ પર હુમલો કરવાના કેસમાં આરોપીઓને બે વર્ષની કેદ

## ચાંદખેડામાં ઢોર ડબ્બામાં પુરાતા માણસો પર હુમલો થયો હતો

ગાંધીનગ તા ૨૩

ચાંદખેડામાં ઢોર પકડવાની કામગીરી દરમિયાન એમ એ સી ના માણસો પર હુમલો કરવાના કેસમાં પ્રિન્સિપાલ સેસન્શ કોર્ટે બે આરોપીઓને બે વર્ષની કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૪ એપ્રિલ વર્ષ ૨૦૧૭ ના રોજ બપોરના સમયગાળામાં એમ એન સી ની ઢોર અંકુશ વિભાગની ટીમ મોટેરા સુર્યદીપ બંગ્લોઝ પાસે ઢોર પકડવાની કામગીરી કરતા હતા ત્યારે આ દરમિયાન સાગરભાઈ છગનભાઈ રબારી , મોહનભાઈ રઘનાથભાઈ રબારી ,ઈશ્વરભાઈ લીલાભાઈ રબારી , જયંતિ અખીભાઈ દેસાઈ, પ્રભાતભાઈ રાયમલભાઈ રબારી , ભલાભાઈ ઓઘારભાઈ રબારી,ભરત અમરતભાઈ રબારી, જયેશ ઉર્ફે સહદેવ ભીખાભાઈ દેસાઈ, શૈલેશભાઈ મોહનભાઈ ભરવાડ તથા અજીત મોહનભાઈ ભરવાડ પૈકી જયેશ ઉર્ફે સહદેવભાઈ ભીખાભાઈએ આ કેસના ફરિયાદી ગોવિંદસિંહ માધુસિંહ ડાભીને માથામાં લાકડીનો ફટકો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી જયારે પંકજ દેવજીભાઈ પરમારને આરોપી શૈલેષ મોહનભાઈ ભરવાડે મોઢાના ભાગ પર લાકડી મારી ઈજાઓ પહોંચાડી હતી આ બનાવ સંદર્ભે ચાંદખેડા પોલીસ મથકે ફરિયાદ નોંદાઈ હતી. આ કેસ પ્રન્સિપાલ ડિસ્ટ્રીકટ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે કુલ ૧૭ સાહેદો તપાસ્યા હતા. જેમાં ફરિયાદી તેમજ ઈજા પામનાર અને બનાવને નજરે જોનારા સહીત ડોકટરની ઉપરાંત તપાસ કરનાર અમલદારની જુબાની પણ નોંધવામાં આવી હતી. આ કેસમાં સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે ધારદાર દલીલો કરી હતી. જેમાં આવા બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા હોવાથી કાયદામાં દર્શાવેલી પુરેપુરી સજા કરવા માટે પણદલીલમાં જણાંવ્યુ હતુ. જેના અંતે પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ સેસન્શ જજે આરોપી જયેશ ઉર્ફે સહદેવ ભીખાભાઈ દેસાઈ તથા શૈલેશ મોહનભાઈ ભરવાડને બે વર્ષની સજા તેમજ રૂ ૭ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. જયારે દંડની રકમમાંથી ફરિયાદી તેમજ ઈજા પામનારને રૂ ૫ હજારનુ વળતર ચુકવવા માટે આદેશ કર્યો છે.



છાલા બેઠકના અપક્ષ ઉમેદવાર રાહુલસિંહના ચૂંટણી કાર્યાલયનો જિલ્લાના અગ્રણી જશુભા રાણાએ રિ શુભારંભ કરાવ્યો હતો તે પ્રસંગની તસ્વીર.

# દૂધ વાપરનારાઓની મંડળીના ચેરમેન પદે દિલિપસિંહ ચૌહાણની પુનઃ વરણી

### ગાંધીનગર મેનેજીંગ ડીરેક્ટર પદે કેતનકુમાર પટેલ, વાઈસ ચેરમેન પદે મંગળદાસ પટેલ અને જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર તરીકે સુરેશકુમાર મહેતાની નિમણૂંક



ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીના વ્યવસ્થાપકોની બેઠકમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સંસ્થાના ચેરમેનપદે દિલીપસિંહ ચૌહાણની પુનઃ સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જ્યારે મેનેજીંગ ડીરેક્ટર પદે યુવા સહકારી અગ્રણી કેતનભાઈ પટેલની વરણી કરાઈ હતી. આ ઉપરાંત વાઈસ ચેરમેન પદે મંગળદાસ પટેલ અને જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર તરીકે સુરેશકુમાર મહેતાની વરણી કરાઈ હતી. જ્યારે દૂધ સમિતિના ચેરમેન પદે ભાનુમતીબેન રોહિત અને હિસાબ સમિતિના ચેરમેન પદે રેણુકાબેન પટેલની વરણી કરવામાં આવી છે.

## લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા હાલમાં દ્વિતીય નિઃશુલ્ક નેત્ર તેમજ ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજાયો

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા હાલમાં દ્વિતીય નિઃશુલ્ક નેત્ર નિદાન તેમજ ડાયાબિટીસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલોડા પાસે મોટી શિહોલી ખાતે આયોજીત આ કેમ્પનો ગ્રામ્યજનો એ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ કેમ્પ દરમ્યાન નિદાન થયેલા આંખના રોગો તેમજ મોતીયાના ઓપરેશનની નિઃશુલ્ક સેવા સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવી છે. દર્દીને શહેરમાં હોસ્પિટલ સુધી લઈ જઈ ઓપરેશન સારવાર થયા બાદ ફરી તેમને પરત ગામ પહોંચાડવા સુધીની સેવા પણ સંસ્થા જ દ્વારા અપાય છે.



**રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત**

ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ ગુજરાતની બે દિવસીય મુલાકાત આવી પહોંચતા અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓનું ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ અને તેઓના ધર્મપત્ની શ્રીમતિ સવિતા કોવિંદનું સ્વાગત-સત્કાર રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાની, રાજ્ય પોલીસ વડા શ્રી આશિષ ભાટિયા, અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે અને શહેર પોલીસ કમિશનર શ્રી સંજય શ્રીવાસ્તવે પણ ઉપસ્થિત રહીને કર્યા હતા.

# અડાલજ નવા બ્રિજ પાસે ટ્રક-એકટીવા વચ્ચે અકસ્માત : યુવકનું મૃત્યુ

### ટ્રકનું ટાયર ફરી વળતા એકટીવા ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ
### કર્મકાંડ કરીને યુવક ઘરે જઈ રહ્યો હતો, અકસ્માત બાદ ટ્રક મુકીને ચાલક ફરાર

ગાંધીનગર - સરખેજ માર્ગ પર ઉવારસદ નવા બ્રિજ પાસે સોમવારના રોજ રાત્રીના પોણા અગીયાર વાગ્યાના અરસામાં ટ્રક ચાલકે એકટીવાને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ ટ્રકનું ટાયર એકટીવા ચાલકના માથાના ભાગે ફરી વળતા ૨૬ વર્ષિય યુવકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યું નિપજયું હતું. ગાંધીનગર થી કર્મકાંડ કરીને યુવક અમદાવાદ ઘરે જઈ રહ્યો હતો તે સમયે માર્ગમાં અકસ્માત નડ્યો હતો. અકસ્માત બાદ ચાલક ટ્રક મુકીને નાસી છુટ્યો છે.

અમદાવાદ ચાંદલોડીયા શાંતિનગર સોસાયટી ખાતે રહેતો દિવ્યેશ અનિલભાઈ દવે (ઉં.૨૬) કર્મકાંડનું કામ કરતો હતો. સોમવારના રોજ ગાંધીનગર ખાતે કર્મકાંડ માટે આવેલ દિવ્યેશ રાત્રીના સમયે એકટીવા લઈને ઘર તરફ જવા માટે નીકળ્યો હતો. રાત્રે પોણા અગીયાર વાગ્યાના અરસામાં અડાલજ પાસે પહોંચ્યો હતો. તે સમયે નવા બ્રિજ પાસે ઉવારસદ ગામ તરફથી આવી રહેલી ધસમસતી ટ્રક નં.જી.જે.૧૮.બી.ટી.-૮૭૭૩ ના ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નીચે પટકાયેલા દિવ્યેશના માથા પરથી ટ્રકનું તોતિંગ ટાયર ફરી વળતા ઘટના સ્થળે જ તેનું મૃત્યુ થયું હતું. મૃતકના પરિવારમાં માતા-પિતા અને એક મોટોભાઈ છે. યુવકના અચાનક મૃત્યું થી પરિવારજનો પર શોકનું મોજુ ફરી વળ્યું હતું. સોલા ભાગવત ખાતેથી ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરનાર દિવ્યેશ કોલેજ શરુ કરી હતી. જો કે ૧ વર્ષના કર્યા બાદ ઘરની પરિસ્થિતિ સારી ન હોવાથી અભ્યાસ છોડી દઈને કર્મકાંડનું કામકાજ શરુ કર્યું હતું. અકસ્માત બાદ ચાલક ટ્રક લઈ જવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ટ્રક ફસાઈ આગળ ન ચાલતા તે મુકીને ગાયબ થઈ ગયો હતો. જયારે અકસ્માતને પગલે રાત્રીના સમયે સ્થાનિક નાગરીકો ટોળે વળ્યા હતા. બનાવની જાણ થતા અડાલજ પોલીસ ઘટના સ્થળે આવી પહોંચીને મૃતદેહને પીએમઅર્થે મોકલી આપ્યો હતો.

# ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારના શ્રમિક યુવાને દેખાડી પ્રસંશનીય પ્રમાણિકતા..!!

### પુણેથી આવેલા પૂર્વ લેફ્ટનન્ટ કર્નલનું રૂ.૩૦ હજાર રોકડાં ભરેલું પર્સ વીરા તલાવડીના યુવાનને મળતાં તેણે પરત કર્યું : અજીત ઠાકોરને સિનિયર સિટીઝનોની ઉપસ્થિતિમાં સે-૨૧ પોલીસે બિરદાવ્યો

ગાંધીનગર, તા.૨૩

પ્રમાણિકતા એ કોઈ ખાસ વર્ગનો કે ખાસ વયનો ઈજારો નથી તે ગાંધીનગર નજીકના એક ગ્રામ્ય વિસ્તારના યુવાને સાબિત કરી બતાવ્યું છે. રવિવારે ઉવારસદની યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટયૂટ ખાતે મહારાષ્ટ્રના પુણે ખાતે રહેતા એક પૂર્વ લેફ્ટનન્ટ કર્નલ એસ.વી.એસ.એ. પ્રસાદ પોતાની દીકરીને અભ્યાસ અર્થે મુકવા માટે ગાંધીનગર આવ્યા હતા. દિકરીને ઈન્સ્ટીટયૂટમાં મૂકી તેઓ ઉવારસદથી ચિલોડાના આર્મી કેન્ટોન્મેન્ટ ખાતે જવા રવાના થયા હતાં ત્યારે રસ્તામાં તેમનું રૂ.૩૦ હજાર રોકડા તેમજ અગત્યના દસ્તાવેજો સાથેનું પર્સ પડી જવા પામ્યું હતું. પોતાનું ખોવાયેલું પર્સ શોધવા તેમણે ઘણી કોશિષ કરી છતાં ક્યાંય પર્સ મળી ના આવતા અને પર્સમાં ખુબ જ અગત્યના દસ્તાવેજો હોવાથી તેઓ પરેશાન થઈ ગયા હતા. ઉપરથી ગાંધીનગરની ભૂગોળથી પણ તેઓ સાવ અજાણ હતાં. છેવટે તેઓ સ્થાનિકોની મદદથી ગાંધીનગરના સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. સે-૨૧ના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી.ભરવાડને પોતાની આપવીતી જણાવી હતી. જે સાંભળીને પીઆઈ ભરવાડે તુરંત જ પોતાની ટીમને તેમનું પર્સ શોધવા રવાના કરી હતી. આ ટીમના એ.એસ.આઈ. દિનેશભાઈ દેવજીભાઈ, એ.એસ.આઈ. પ્રવિણસિંહ જીલુસિંહ અને કોન્સ્ટેબલ ઈશ્વરભાઈ પ્રજાપતિની ટીમ પૂર્વ લેફ્ટનન્ટ કર્નલને લઈ ખોવાયેલું પર્સ શોધવા માટે કર્નલ જ્યાં જ્યાં ફર્યા હતા તે રસ્તાઓ ખૂંદી વળી હતી. ઘણી શોધખોળ કરવા છતાં પણ પર્સ મળી ના આવતા પોલીસ ટીમે કંટ્રોલ રૂમમાં જઈ સીસીટીવી ફૂટેજની પણ ઝીણવટપૂર્વક તપાસ આદરી હતી. જોકે તેમાં પણ કોઈ ભાળ ના મળતાં આખરે પૂર્વ લેફ્ટનન્ટ કર્નલ ચિલોડા ખાતે કેન્ટોનમેન્ટ ગેસ્ટ હાઉસ પર પરત ફર્યા હતા. બીજી તરફ તેમનું પર્સ ચિલોડા રોડ પરથી ગાંધીનગર નજીકના વીરા તલાવડી ગામે રહેતા અને નરોડામાં કલરની ફેક્ટરીમાં કામ કરતાં માત્ર ૨૫ વર્ષીય અજીતકુમાર વિષ્ણુજી ઉદાજી ઠાકોર નામના યુવા શ્રમિકને બિનવારસી હાલતમાં મળ્યું હતું જેમાં રૂ.૩૦ હજાર રોકડા અને કેટલાંક દસ્તાવેજો હતા.




સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા શ્રમિક યુવાનને પોતાના હાથમાં રોકડાં નાણાં ભરેલું પર્સ મળી આવવાં છતાં તે યુવાન ના તો પોતાની પ્રમાણિકતા ભુલ્યો કે ના કોઈ લોભ-લાલચમાં ખેંચાયો. તેણે પર્સમાંથી મળી આવેલ નંબરના આધારે પૂર્વ કર્નલ પ્રસાદને ફોન કરીને પર્સ મળ્યાની જાણ કરી હતી. પોતાના ખોવાયેલું પર્સ મળી આવતાં તેમણે પર્સ લેવા આવવાની તૈયારી દર્શાવી પરંતુ અજીત ઠાકોરે તેમને કેન્ટોનમેન્ટ ખાતે જ રોકાવાનું કહી પોતે ત્યાં પહોંચી ગયો હતો અને તેમનું પર્સ યથાવત સ્થિતિમાં હાથોહાથ પરત કર્યું હતું. અજીત ઠાકોરની ઈમાનદારીથી ગદગદિત થઈ નિવૃત્ત લેફ. કર્નલે રૂ.૫ હજાર રોકડા પુરસ્કાર સ્વરૂપે આપવા પ્રયાસ કર્યો હતો પરંતુ તે યુવાને સ્વીકારવાની ના પાડી દીધી હતી. જો કે પુણે માટે પરત ફરતા પહેલા તેમણે ગાંધીનગરના યુવાનની ઈમાનદારી બિરદાવીને સે.૨૧ પોલીસ સ્ટેશને જઈને અજીત ઠાકોરનું સિનિયર સિટીઝનોની ઉપસ્થિતિમાં પી.આઈ એમ.બી ભરવાડ દ્વારા બહુમાન કરી તેની પ્રમાણિકતાને બિરદાવી હતી. સેક્ટર-૨૧ પી.આઈ એમ.બી. ભરવાડ તરફથી મળેલાં સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## ખૂણેખાંચરેથી

- અમદાવાદના મોટેરા સ્ટેડિયમ પર યોજાનાર ક્રિકેટ મેચને લઈ શહેરના ક્રિકેટ રસિકોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.
- શહેર ભાજપે તો તેના ક્રિકેટપ્રેમી કાર્યકર્તાઓ માટે ખાસ વ્યવસ્થા કરી હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનું પ્રમાણ વધતાં શહેરીજનો દ્વારા હવે બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળવાનું શરૂ કરી દીધુ છે.
- આગામી ૨૮મી ફેબ્રુઆરી સુધીમાં જિલ્લામાં તાપમાનનો પારો ૩૪-૩૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૩-૧૫ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૨ થી ૬૨ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. તો પવનની સરેરાશ ગતિ ૧૧ થી ૧૩ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનમાં જણાવાઈ છે.
- જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર અભિયાનમાં વેગ આવ્યો છે. જાહેર પ્રચાર અભિયાન વેગીલુ બન્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ‘‘ચા’’ની બોલબાલા વધી છે.

## અસારવા હિંમતનગર ડેમુ ટ્રેન વાયા દહેગામ ૧લી માર્ચથી શરૂ થશે

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ-ઉદેપુર વાયા હિંમતનગર રેલવે લાઈનનું મીટરગ્રેજમાંથી બ્રોડગેજમાં રૂપાંતર કર્યા બાદ આ રૂટ પર અસારવાથી હિંમતનગર સુધી ડેમુ ટ્રેન શરૂ થઈ હતી પરંતુ લોકડાઉનને કારણે તે બંધ હતી.

હવે સાંસદ હસમુખભાઈ પટેલ અને ઝેડ આરયુસીસીના કિંજલ પટેલ અને અન્ય આગેવાનોની રજુઆત પછી આ ટ્રેન ૧લી માર્ચથી પુનઃ આરંભાઈ રહી છે. સપ્તાહના ૬ દિવસ દોડનારી આ ટ્રેનના રૂટમાં સરદારનગર, નરોડા, મેદરા, ડભોડા, દહેગામ, જાલિયાના મઠ, રખિયાલ, તલોદ, પ્રાંતિજ, સોનાસણના સ્ટોપેજ છે.

## મતગણતરી પહેલા ગુજરાત કોલેજ પર હોબાળો

અમદાવાદ,તા.૨૩

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે રાજ્યની ૬ મહાનગર પાલિકાની ચુંટણીના મતદાન બાદ આજે મતગણતરી થવા જઈ રહી છે ત્યારે મતગણતરીની પૂર્વ રાત્રીએ અમદાવાદની ગુજરાત કૉલેજ કેમ્પસ પર ભારે હોબાળો જોવા મળ્યો હતો. ચૂંટણીનું પરિણામ આવવાની પૂર્વ રાતે સોમવારે મોડી રાતે ગુજરાત કોલેજના ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં મૂકેલા ઈવીએમમાં ચેડા કરવામાં આવી રહ્યા હોવાની અફવા ફેલાતા કેટલાક ઉમેદવાર અને તેમના ટેકેદારો ગુજરાત કોલેજના મુખ્ય ગેટ પર એકત્ર થઈ ગયા હતા.

**Gujarat Narmada Valley Fertilizers & Chemicals Limited**

GNFC

ગુજરાતમાં જી.એન.એફ.સી. લિ.ના અંદાજીત ૧,૨૫,૦૦૦ પ્લાસ્ટીકના ‘સી’ ક્લાસ બારદાનનું વેચાણ કરવાનું છે. આ જાહેર ખબર પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં બંધ કવરમાં ક્વૉટેશન મોકલી આપવા વિનંતી છે. જેની વધારે વિગતો અમારી વેબસાઈટ www.gnfc.in ઉપર ઉપલબ્ધ છે.

**કામધેનુ યુનિવર્સિટી**

અમારૂ ધ્યેય : સર્વ જીવોનું કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ-૯ હેઠળ પ્રસ્થાપિત)

સાતમો વાર્ષિક પદવીદાન સમારંભમમાં ઓડિયો-વિડીયો મીક્ષીંગ તેમજ લાઈવ સ્ટ્રીમીંગ

**ટુંકી મુદતની જાહેરાત**

તા. ૧૦ માર્ચ, ૨૦૨૧ના રોજ યોજાનાર કામધેનુ યુનિવર્સિટીનો સાતમો પદવીદાન સમારંભ માટે ઓડિયો-વિડીયો મીક્ષીંગ તેમજ લાઈવ સ્ટ્રીમીંગની કામગીરી માટે સ્પર્ધાત્મક ભાવો મંગાવવામાં આવે છે. જેની સઘળી વિગતો કામધેનુ યુનિવર્સિટીની www.ku-guj.org વેબસાઈટ ઉપરથી મેળવી શકાશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ -૨૩/૨/૨૦૨૧
માહિતી/૧૯૭૩/૨૦-૨૧

નિયામકશ્રી
ઇન્ફોર્મેશન ટેકનોલોજી

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

જાહેર નિવિદા નં.૦૯-૨૦૨૦-૨૧

ટુંકી મુદતની આઈ.ડી. નં. ૪૪૯૩૨૫ (બીજી વખત)

અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, ત્રીજો માળ, જલભવન, ટાઉનહોલ પાછળ, એલીસબ્રીજ, અમદાવાદની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ‘મોકેશ્વર જળાશય આધારિત સમી-હારીજ જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત મોકેશ્વર ડેમમાં ફલોટીંગ પ્લેટફોર્મ તથા પોલ્ડર પંમ્પ સપ્લાય ઈન્સ્ટોલેશન ટેસ્ટીંગ કમીશનીંગની કામગીરી તથા બે વર્ષના કોમ્પ્રીહેન્સીવ સંચાલન મરામત અને નિભાવણીની કામગીરી’ માટેના ટેન્ડર દસ્તાવેજમાં જણાવેલ શ્રેણીમાં નોંધાયેલ ઠેકેદારો પાસેતી ભાવો માંગવામાં આવે છે. સદર કામગીરીની (૧) અંદાજીત રકમ રૂપિયા : ૫૭,૧૨,૧૫૨.૦૦ (૨) બાનાની રકમ રૂપિયા : ૫૭,૨૦૦.૦૦ તથા (૩) ટેન્ડર ફી રૂપિયા : ૨૪૦૦.૦૦ રાખેલ છે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૨/૩/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી, વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ www.nprocure.com, અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, અમદાવાદને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

**ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નંબર - ૧૯૧૬ ઉપર સંપર્ક કરવા વિનંતી છે. હેલ્પલાઈન નં. ૧૯૧૬**

નં.નામાનિ/પાલન/૫૩૫/૨૦૨૦-૨૦૨૧